# હવે તો જાગો

## (હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

○ આરાધના ભવન ○

○ લેખક ○


**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

# આરાધના ભવન

દરેક સંઘોમાં પ્રાયઃ ૧-૨-૩ ઉપાશ્રય હોય છે. ઉપાશ્રય મોટા હોવા છતાં ભાઇઓ – બહેનો ઘરે આરાધના કરે છે. ઉપાશ્રયમાં આરાધના ઓછી કરે છે. ત્યારે ભાઇઓ – બહેનોનું આરાધના મંડળ જુદું જુદું ઉભું કરવું જરૂરી છે. ઘણા આરાધકોને આરાધના કરવી હોય છે. પરંતુ કલ્યાણમિત્રો મળતા નથી. જો ટ્રસ્ટીઓ આરાધકોને પ્રોત્સાહન આપે અને થોડીક સવલત કરી આપે તો આરાધકોની સંખ્યા ઘણી વધુ થાય. દેરાસર-ઉપાશ્રય-પાઠશાળા-આયંબિલશાળામાં તથા વ્યાખ્યાનાદિમાં આરાધકની વૃદ્ધિ ઘણી થાય. જો આરાધકોની ટીમ દરેક સંઘમાં નીચે પ્રમાણેનું વિચારીને ગોઠવે તો સામૂહિક આરાધના ખૂબ વધે. તે માટે નીચે પ્રમાણેની વાતો વિચારવા જેવી છે. સવારે સામૂહિક પ્રતિક્રમણ જો થાય તો અનેરો આનંદ આવે. ૫૨ જિનાલય ભાયંદરમાં ૪૦-૫૦ ભાઇઓ સામૂહિક સવારનું પ્રતિક્રમણ રોજ કરે છે. પછી સામૂહિક સવારની દેરાસરની ભક્તિ કરે ત્યારબાદ ગુરુવંદન પચ્ચ. કરી ઘરે જઇને ફરી વ્યાખ્યાનાદિ હોય તો વ્યાખ્યાનના સમય પહેલા હાજર થાય અને વ્યાખ્યાનની નોટ બનાવે. પ્રશ્ન પૂછીને સમાધાન મેળવે. જો પૂ. મહાત્મા તત્વજ્ઞાન શીખવાડે તો કોઇક ગ્રંથ લઇ સામૂહિક તત્વજ્ઞાન પાયાનું શીખે અને કોઇક ગ્રંથના શ્લોકાર્થો વિસ્તારથી સમજે. Ex.ઇન્દ્રિય પરાજય શતક, વૈરાગ્ય શતક વગેરે. જો અનુકૂળતા હોય તો કોઇક પંડિતજી પાસે સૂત્ર-સૂત્રાર્થ-૪પ્રકરણ-૩ભાષ્ય-૬કર્મગ્રંથ-સંસ્કૃત-પ્રાકૃત વાંચનાદિ શીખે અને પોતે ભણેલા ગ્રંથો અન્યને ભણાવે.

વિશેષ ૧૪નિયમ–૧૨વ્રત-ભવઆલોચનાની સમજણ મેળવે અને સમજ્યા બાદ બીજાને સમજાવી ધર્મમાં જોડે. ભોજન પણ

શુદ્ધ-ભક્ષ્ય અને સાત્વિક કરે જેથી જીવન પણ સાત્વિક બને. વિશાલ જ્ઞાનભંડારમાંથી પોતાને રસ પડે તેવા પુસ્તકો ખાસ ચિંતન-મનનપૂર્વક વાંચે-વિચારે, સાંજે દેરાસરમાં સામૂહિક આરતી-મંગલદીવો, ૪-૫ પ્રભુભક્તિના ગીતો ગાઇ પ્રભુમય બને. સાંજે પ્રભુભક્તિ બાદ દિવસના પાપ ધોવા સાથે દેવસિઅ પ્રતિક્રમણ કરે. રાત્રે પૂ. ગુરુભગવંત સાથે સત્સંગ કરી ઘરે જાય. ઘરના પરિવારની સાથે પણ દિવસની સારી સારી વાતો જણાવી ધર્મની મહત્તા સમજાવી નિંદ્રાધીન બને. આમ આરાધકોનું સામૂહિક એક ગ્રુપ બને.

પાંચ તિથિ પૌષધાદિ કરે. હળુકર્મી જીવોને પ્રેરણા કરી ધર્મમાં જોડે અને પાંચ તિથિ પાંચ દેરાસર ચૈત્યપરિપાટી કરે. શક્ય હોય તો રોજ આજુબાજુના ૨-૩ દેરાસર દર્શન કરવા જાય.

એક વાત નક્કી જાણવી કે આરાધક વ્યક્તિમાં કદાચ કોઇક માઇનસ હોય પણ આરાધનાની ભાવના તેને ખૂબ જલ્દી મોક્ષમાં પહોંચાડશે. તમે પણ આવું આરાધકોનું ગ્રુપ બનાવી અને ઉપરોક્ત બતાવેલી અથવા તે સિવાયની પ્રવૃત્તિથી તમારું જીવન સફળ બનાવવા પ્રયત્ન કરશો. તમારી સાથે રહેલ દરેક આરાધક તમારા કલ્યાણમિત્રો છે તે કદી નહિ ભૂલતા તેની અવસરે અવસરે સલાહ લઇને આગળ વધવા પ્રયત્ન કરશો.